# ગુજરાત ટાઉનપ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ હેઠળ છેલ્લા વર્ષ દરમ્યાન રાજ્યમાં ડી.પી. અને ટી.પી.સ્કીમો અંગે થયેલ કાર્યવાહી

31મી ડીસેમ્બર વર્ષ 2013નો આજે અંતિમ દિવસ. શહેરી વિકાસ વિભાગે ટાઉનપ્લાનીંગ ક્ષેત્રે વર્ષ દરમ્યાન કરેલ કાર્યવાહીની ટુંકી વિગતો આપ સૌના ધ્યાને મુકવા માગું છું.

આ વર્ષમાં ખેડબ્રહ્મા, માંડવી, આહવા, વેરાવળ પાટણ એમ કુલ 4 નગરના ડી.પી.ને પ્રાથમિક મંજૂરી આપેલ છે.

વલસાડ, કોડીનાર, સિધ્ધપુર, ચાણસ્મા, રાણપુર, દ્વારકા, પોરબંદર, નડીયાદ, ખેડા, શિહોર, વસો, ભાવનગર અને કઠોર એમ કુલ 13 નગર/મહાનગરના ડી.પી.ને આખરી મંજૂરી આપેલ છે.
રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને સત્તામંડળોની 101 ટી.પી.સ્કીમોને મંજૂરી આપવામાં આવેલ છે. જેમા 42 ડ્રાફ્ટ સ્કીમ, 30 પ્રીલીમનરી સ્કીમ અને 29 ફાઈનલ સ્કીમનો સમાવેશ થાય છે.
ઉપરોક્ત પૈકી,

**(1) વડોદરાની 2 ડ્રાફ્ટ, 4 પ્રીલીમનરી અને 6 ફાઈનલ મળી કુલ 12 ટી.પી.**

**(2) અમદાવાદની 23 ડ્રાફ્ટ, 14 પ્રીલીમનરી અને 5 ફાઈનલ મળીને કુલ 42 ટી.પી.**

**(3) સુરતની 13 ડ્રાફ્ટ, 10 પ્રીલીમનરી અને 11 ફાઈનલ મળીને કુલ 34 ટી.પી.**

**(4) નવસારીની 1 ડ્રાફ્ટ અને 1 ફાઈનલ મળીને કુલ 2 ટી.પી.**

**(5) ગાંધીનગર 2 ડ્રાફ્ટ ટી.પી.**

**(6) પાટણની 1 ડ્રાફ્ટ ટી.પી.**

**(7) વલસાડની 1 ફાઈનલ ટી.પી.**

**(8) સુરેન્દ્રનગરની 1 ફાઈનલ ટી.પી.**

**(9) રાજકોટની 2 પ્રીલીમનરી અને 1 ફાઈનલ ટી.પી.**

**(10) જામનગરની 2 ફાઈનલ ટી.પી. અને**

**(11) બારડોલીની 1 ફાઈનલ ટી.પી. મંજૂર કરવામાં આવેલ છે.**

વધુમાં, ઝૂપડાવાસીઓને પાકા મકાનો આપવા માટે સ્લમ પોલીસી-2010 હેઠળ અમદાવાદની 4 યોજનાઓ અને વડોદરાની 1 યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. આ ઉપરાંત ઝુંપડાવાસીઓ, આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના લોકો માટે આવાસો પૂરા પાડવા સારૂં મુખ્યમંત્રી ગૃહ યોજના અમલમાં લાવવામાં આવેલ છે.

ડી.પી. અને ટી.પી.સ્કીમોની આવી મંજૂરીને કારણે જે તે મહાનગર/નગરનાં સુઆયોજીત અને સુગ્રથીત વિકાસને વેગ મળશે, આયોજનબધ્ધ વિકાસ થશે, સામાજીક અને ભૌતિક આંતરમાળખાકીય સવલતોનો વિકાસ થશે.

સર્વે મિત્રોને નવા વર્ષ માટે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

**સૌનો સાથ... સૌનો વિકાસ.... જય જય ગરવી ગુજરાત...**